જનસહાયક ટ્રસ્ટ - હિરામણી શૈક્ષણિક સંકુલ દ્વારા પ્રકાશિત

# શૈક્ષણિક વ્યવસાયલક્ષી માર્ગદર્શિકા 'ઉડાન'નું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન

## લક્ષિત ધ્યેય સુધી પહોંચવા માટે જ્ઞાનનો પ્રકાશ ખુબ જરુરી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શૈક્ષણિક અને વ્યવસાયલક્ષી માર્ગદર્શિકા 'ઉડાન'નું વિમોચન કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ઉચ્ચ શૈક્ષણિક કારકીર્દી ઘડતર તથા ઉદ્યોગોને અનુરૂપ કુશળ માનવબળ પુરૂં પાડવા વ્યવસાયલક્ષી અભ્યાસનું માર્ગદર્શન આ વિશેષાંક સુપેરે પુરૂં પાડશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જનસહાયક ટ્રસ્ટ-હિરામણી શૈક્ષણિક સંકુલ દ્વારા પ્રકાશિત કરાયેલી આ 'ઉડાન' પુસ્તિકાનું વિમોચન ટ્રસ્ટના ચેરમેન અને સાંસદ શ્રી નરહરિ અમીનની ઉપસ્થિતીમાં અમદાવાદ માં કર્યુ હતું

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજયની યુવાશક્તિને વર્લ્ડકલાસ એજ્યુકેશન, વિશ્વકક્ષાનું જ્ઞાન આપવા શરૂ કરેલી વિવિધલક્ષી અભ્યાસ-શિક્ષણ સંસ્થાઓ, યુનિવર્સિટીઓની પહેલથી હવે છાત્રો માટે ઘરઆંગણે જ ઉચ્ચશિક્ષણના અવસરો મળતા થયા છે.

તેમણે ઉમેર્યુ કે, બદલાતા સમય સાથે હવે ઉદ્યોગોને અનુરૂપ માનવ બળ પણ રાજ્યમાં મળે તે માટે વ્યવસાયલક્ષી વોકેશનલ ટ્રેનિંગને પણ રાજ્ય સરકારે મહત્વ આપ્યું છે. એ સંદર્ભમાં જે યુવાનોને આવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં રૂચિ હોય તેમને પણ આવી માર્ગદર્શિકા ઉપયોગી બનશે.

જનસહાયક ટ્રસ્ટના પ્રમુખશ્રી અને રાજયસભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીને પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે જનસહાયક ટ્રસ્ટ દ્વારા હિરામણી સ્કૂલના આચાર્ય શ્રી અને શિક્ષકોના અથાક પ્રયત્નોથી ધોરણ ૧૦-૧૨ પછી ઉચ્ચતર શિક્ષણ મેળવવા માટે કારકિર્દી વિષયક જ્ઞાન મળી રહે તેવા અભ્યાસક્રમો અને વ્યવસાયલક્ષી માર્ગદર્શન માટે 'ઉડાન' પુસ્તકમાં માહિતી પુરી પાડવામાં આવી છે.

આ પ્રસંગે જનસહાયક ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પદ્મશ્રી ડૉ.ચંદ્રકાન્ત મહેતા, GLS યુનિ.ના પ્રમુખ શ્રી સુધીરભાઈ નાણાવટી, ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, સેક્રેટરી, ઉપપ્રમુખ શ્રી, આચાર્ય શ્રી શિક્ષકો અને જીવન સંધ્યા ના વડીલો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છના મેળામાં હિંદુ-મુસ્લિમ સાથે બેસીને ભોજન કરે છે

## કચ્છમાં અનોખો હિંદુ મુસ્લિમ એકતા દર્શાવતો મેળો

કચ્છ,તા.૯

૪૫૦ વર્ષ પ્રાચીન મંદિર આશાપુરા માતાજી મંદિરનો ૨૪મો પાટોત્સવ ઉજવાયો હતો. અબડાસાના રાતા તળાવ ગામે કોમી એકતાનું પ્રતિક રૂપે ભાઈચારાનો ભેરપો (સહિયારી) ઉજવણી કચ્છી રમત બખમલખડો કુસ્તી રમાડવામાં આવે છે. કચ્છ એક અલગ વિશિષ્ઠ સંસ્કૃતિ ધરાવતો પ્રદેશ છે તેની કોમીએકતા દેશ ભર માં અજોડ છે. ભાઈચારાની ભાવના બળવતર કરવા અહીં લોકમેળાઓનો પણ ત્રોટો નથી. કોમી એકતાનું પ્રતિક રૂપે ભાઈચારાનો ભેરપો (સહિયારી) ઉજવણી રૂપે આશાપુરા મંદિરે માનવતા ના મેળાઓ યોજાયો હતો. વહેલી સવારે પૂજા આરતી હોમહવન ધજા આરોહણ વગેરે ધાર્મિક ક્રિયાકાંડ બાદ મહાપ્રસાદનું આયોજન દરેક હિન્દૂ-મુસ્લિમો સાથે લેતા હોય છે. જેનુ રાતા તળાવ શ્રી કચ્છી ભાનુશાળી ઓધવરામ સત્સંગ મંડલ તેમજ સંતશ્રી વાલરામજી મહારાજ પાંજરાપોળ દ્વારા આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તો માનવતાના આ મેળાની ભાગરૂપે બપોર પછીના સેસન્સમાં મલકુસ્તી જેમાં બે જણા વચ્ચે કુસ્તી થાય છે. જેમાં ભાઈચારાની ભાવના બળવતર રહેએ ભાવના મહત્વની છે. ભાનુશાલી દેશ મહાજન પ્રમુખના હસ્તે મેળો કાર્યક્રમનું દીપ પ્રાગટય ખુલ્લો મુકાયો હતો. ફક્ત બળ જ નહી પણ બુદ્ધિ કૌશલ્ય વધારતી અને સામેવાળાને કઈ રીતે મ્હાત કરી શકાય છે. જેમાં યુવાન પ્રથમ આવે તેને ૧૦હજારનું ઈનામ તેમજ લોકો તરફ થી ખાસ અભિવાદન કરાય છે તો અન્ય ૭૫૦૦, ૫૦૦૦,૪૧૦૦, ૩૧૦૦ અને ૨૫૦૦ ઈનામ અપાય છે. લોકોને મનોરંજનની સાથે શરીર કૌશલ્યની સાથે યુવાનોને ભાગ લેવા ઈંજન કર્યું છે. તો ઉઉહ્ન જ્યારે લોકો ટીવી પર જોતા હોય છે ત્યારે કચ્છી રમત એવી આ રમત ભાઈચારાને મહત્વ આપે છે. કચ્છ બહાર વસતા કચ્છી ઓ માદરે વતનમાં આવતી નવી પેઢી પણ રોમાંચિત થાય છે. મુંબઈથી આવેલ મહિલાઓએ પણ આ રમત દર્શક તરીકે હાજર રહીને ખેલાડીઓને પ્રોત્સાહી કર્યા હતા. આ વ્યવસ્થા ભાડનાર અને આગેવાન બાપુના હુલામણા નામથી જાણીતા સેવાભાવી મનજી બાપુએ વાત કરતા જણાવ્યું હતું કે, કોમી એકતા અને કચ્છની સંસ્કૃતિની જાળવણી, કોમી એકતા માટેની વાત કરી હતી.

**કોમી એકતાનું પ્રતિક રૂપે ભાઈચારાનો ભેરપો ઉજવણી રૂપે આશાપુરા મંદિરે માનવતા ના મેળાઓ યોજાયો હતો**

કેન્દ્રીય મંત્રીશ્રી પરશોતમભાઇ રૂપાલાએ પોરબંદર સ્થિત

# કોસ્ટગાર્ડ જેટી ખાતે યોજાયેલ યોગા નિદર્શન યોગોત્સવ કાર્યક્રમમાં યોગા કર્યું





નવી દિલ્હી, તા.૯

કેન્દ્રીય મત્સ્ય અને ડેરી મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલાએ પોરબંદર સ્થિત કોસ્ટગાર્ડ જેટી ખાતે યોજાયેલ યોગા નિદર્શન યોગોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મહનુભાવો, યોગ સાધકો તથા ખારવા સમાજના લોકો સાથે યોગાસન કરવાની સાથે યોગ તથા આયુર્વેદનુ મહત્વ સમજાવ્યું હતું. મત્સ્ય વિભાગ ભારત સરકાર, રાજય સરકાર તથા જિલ્લા વહિવટી તંત્ર પોરબંદર આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૨ માટે કાઉન્ટ ડાઉન યોગોત્સવ, યોગ નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. સ્વાસ્થ્ય, સુખ અને સુખાકારી માટે યોગ થીમ પર આયોજિત કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા કેન્દ્રીય મત્સ્ય અને ડેરી મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, યોગવિદ્યા એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી યોગ અને આયુર્વેદને વૈશ્વિક ઓળખ મળી છે.

યોગ અને આયુર્વેદ પુનઃસ્થાપિત કરવા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહત્વનું કાર્ય કર્યુ છે અને ઘરે ઘરે યોગ પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, યોગ તરફ આજની નવી પેઢી વળે, અને આ અનમોલ વિદ્યા દ્વારા તન અને મન તંદુરસ્ત બને અને તન-મનથી રાષ્ટ્રને તંદુરસ્ત બનાવી દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપે તે જરૂરી છે. વ્યક્તિ, સમાજ અને દેશ તંદુરસ્ત બને તે માટે નિયમિત યોગાભ્યાસ કરવાનો સંકલ્પ કરીએ. યોગ અને આયુર્વેદ આ બંન્ને સદપ્રમાણ અનુપાલન વ્યકિતગત જીવનમાં વધે તો સામાજિક તંદુરસ્તીનું સ્તર આપોઆપ ઉપર આવે. ફિશિરીઝ વિભાગ દ્વારા દરિયાઇ પટ્ટી વિસ્તારમાં યોગને વધુને વધુ લોકો સુધી લઈ જવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

યોગોત્સવ કાર્યક્રમ બાદ મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલા, ધારાસભ્યશ્રી બાબુભાઈ બોખીરીયા સહિત મહાનુભાવો પોરબંદરના હાજી અબ્દુલભાઈ સત્તાર મૌલાનાની શુભેચ્છા મુલાકાત કરી તેમની લાઈબ્રેરીનુ નિરિક્ષણ કરી ખુશી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મત્સ્ય વિભાગના સચિવશ્રી જતિન્દ્ર શ્વૈન, સેક્રેટરી જે. બાલાજી, જિલ્લા કલેકટરશ્રી અશોક શર્મા, ડી.આઈ.જી કોસ્ટ ગાર્ડ એસ.કે. વર્ગિસ, આર. કે. સીંઘ, ડો. આર. જાયાબાશકરન સહિત મહાનુભાવો, અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં યોગસાધકો ઉપસ્થિત રહ્યા હતા.

૨૧ જૂન વિશ્વ યોગ દિવસ નિમિતે સરકારના જુદા-જુદા તમામ વિભાગો યોગાસન કાર્યક્રમમાં જોડાશે.

# અમદાવાદ-કચ્છ હાઈ-વે ૩૪ કલાક બંધ રહ્યા બાદ ખુલ્યો : ટ્રાફિક જામના દ્દશ્યો





અમદાવાદ,તા.૯

શનિવારે સવારે થયેલા એક અકસ્માતને કારણે અમદાવાદ-કચ્છ હાઈવે પર લગભગ ૩૪ કલાક સુધી અનેક વાહનો ટ્રાફિકમાં ફસાયા હતા. ઉલ્લેખનીય છે કે આ ટ્રાફિક જામમાં સેંકડોની સંખ્યામાં વાહનો ફસાઈ ગયા હતા જેમાં ખાનગી અને સરકારી બસો પણ સામેલ હતી. નોંધનીય છે કે રવિવારે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ આખરે આ રસ્તો ખાલી થયો હતો અને વાહનો આગળ વધી શક્યા હતા. ઉલ્લેખનીય છે કે બે ટેન્કર અને ત્રણ ટ્રકોને ઓવરબ્રિજ પરથી ઉપાડવાને કારણે આ રસ્તો સાફ થઈ શક્યો હતો, નહીં તો આ ટ્રાફિક હજી લાંબા સમય સુધી રહેતો. સુરેન્દ્રનગર જિલ્લામાં ધ્રાંગધ્રા પાસે આવેલા હરિપાર ગામ પાસે આવેલા ટુ-લેન રેલવે ઓવરબ્રિજ પર અકસ્માત સર્જાયો હોવાને કારણે સમગ્ર સ્થિતિ સર્જાઈ હતી. ટેન્કરમાં મેથાનોલ હોવાને કારણે અકસ્માત પછી આગ લાગી ગઈ હતી, જેના કારણે ઘટનાસ્થળે જ ડ્રાઈવરનું કરુણ નિધન થયુ હતું.

આટલુ જ નહીં, સ્થિતિ ત્યારે વધારે બગડી ગઈ જ્યારે રવિવારના રોજ માલવણ ટોલ પ્લાઝા પાસે ત્રણ ટ્રકો એકબીજા સાથે ટકરાઈ ગઈ હતી. એક અકસ્માત શનિવારના રોજ થયો અને પછી બીજો રવિવારના રોજ થયો, જેના કારણે ટ્રાફિક વધારે થઈ ગયો. નાના વાહનોની વાત કરીએ તો, સેંકડોની સંખ્યામાં કારોએ ગામડાઓનો રસ્તો પસંદ કરી લીધો હતો. કારચાલકો ગામડાઓમાંથી પસાર થઈને નીકળી ગયા હતા, પરંતુ ભારે અને મોટા વાહનો માટે કોઈ અન્ય વિકલ્પ જ નહોતો. કચ્છ તરફથી આવતા વાહનોએ સુરેન્દ્રનગર તરફ જતો રસ્તો પકડ્યો હતો. પરિણામે સુરેન્દ્રનગર શહેરમાં પણ ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. ધ્રાંગધ્રા અને વિરમગામની વચ્ચેના લગભગ ૩૦થી ૩૫ કિલોમીટરના પટ્ટામાં મોટાભાગના વાહનો ફસાઈ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ હાઈવે પર ટ્રક અને અન્ય મોટા અને ભારે વાહનોની ઘણી અવરજવર હોય છે. મોટાભાગના આ વાહનો કંડલા અને મુંદ્રા પોર્ટ તરફ જઈ રહ્યા હોય છે. ટ્રાફિકમાં વધારો ન થાય તે માટે એસટી દ્વારા કચ્છથી ઉપડતી તમામ બસોને રાજકોટ-અમદાવાદ હાઈવે પર ડાઈવર્ટ કરી હતી.

# ટેકાના ભાવે ચણાની ખરીદી માટે કેન્દ્ર સરકાર દ્વારા વધારાના જથ્થાની ફાળવણી

## રાજ્યમાં આગામી તા.૨૯મે-૨૦૨૨ સુધી ટેકાના ભાવે ચણાની ખરીદી કરાશે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં સારા પાછોતરા વરસાદને પરિણામેખેડૂતો દ્વારા મોટા પ્રમાણમાંચણાનું વાવેતર કરવાથીરાજ્યમાં ચણાનું વિપુલ ઉત્પાદન થયું છે. જેના ભાગરૂપે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી ભારત સરકારે ખેડૂતોના હિતમાં સૌપ્રથમ ૩,૧૯,૯૫૭ મે.ટન ચણાના જથ્થાની ટેકાના ભાવે ખરીદી કરવા મંજૂરી આપવામાં આવી હતી.ગુજરાતમાં ટેકાના ભાવે ચણાના વેચાણ માટે કુલ ૩,૩૮,૭૭૭ ખેડૂતો દ્વારા નોંધણી કરવામાં આવી છે. જેને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવે વધુ ચણાની ખરીદીની માંગણી કરતાં કેન્દ્ર સરકાર દ્વારા ૪,૬૫,૮૧૮ મે.ટન ચણાની ખરીદી કરવા મંજૂરી આપવામાંઆવી છે તેમ કૃષિ મંત્રીએ જણાવ્યું હતું.

કૃષિ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં તા.૦૬ મે-૨૦૨૨ની સ્થિતિએ ૨,૮૩,૧૪૦ ખેડૂતોને તક આપી કુલ ૪,૫૯,૧૫૩ મે.ટન ચણાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.રાજયમાં ચણાના બજાર ભાવની સરખામણીએ ટેકાના ભાવ વધારે હોવાથીખેડૂતોએ ટેકાના ભાવે ચણાનું વેચાણ કરવાના વિકલ્પ પર પસંદગી ઉતારી છે. જેથીરાજ્ય સરકારની રજૂઆત સંદર્ભેકેન્દ્ર સરકારે ગુજરાતના ખેડૂતોના હિતમાં જથ્થો વધારી કુલ ૫,૩૬,૨૨૫ મે.ટન ચણાનીટેકાના ભાવે ખરીદી કરવા મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી રાજ્યમાં નોંધાયેલ તમામ ૩,૩૮,૭૭૭ ખેડૂતોને સમાન રીતે પુરતી તક આપીરૂ.૨૮૦૪.૪૬ કરોડ જેટલી માતબર રકમના મૂલ્યના ચણાની ટેકાના ભાવે ખરીદી કરી શકાશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

# કોંગ્રેસના દાંતાના પુર્વ ધારાસભ્ય વસંતભાઈ ભટોળ ભાજપમાં જોડાયા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબની વિકાસની રાજનીતીથી પ્રેરાઈ તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના મજબૂત સંગઠનથી પ્રેરાઈને આજે કોંગ્રેસના પુર્વ ધારાસભ્યશ્રી વસંતભાઈ ભટોળ આજે મોટી સંખ્યામાં તેમના સમર્થકો સાથે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. શ્રી વસંતભાઈ ભટોળ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે ખેસ અને ટોપી પહેરી વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા. વસંતભાઈએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબને માં અંબાની ચુંદડી અને અંબાજીમાતાની મુર્તિઆપી સ્વાગત કર્યુ તેમજ સાંસદશ્રી હરિભાઈ ચૌધરી. શ્રી નંદાજી ઠાકોરએ ખેસ પહેરાવી પ્રદેશ અધ્યક્ષશ્રીનું સ્વાગત કર્યુ



શ્રી વસંતભાઈ ભટોળજી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે ખેસ પહેર્યા પછી પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે, ભુલ થવી એ એક પ્રકૃતિ છે. અને ભુલને સુધારવીએ પ્રગતી છે ભાજપ મારી માતૃ સંસ્થા છે આ સંસ્થાએ મને માતા સમાન પ્રેમ આપ્યો છે. ભાજપ પાર્ટીથી દુર રહેવાથી મને પણ ખૂબ દુખ થયું હતું. ભારતીય જનતા પાર્ટીએ મને અસ્તિત્વ આપ્યુ છે પાર્ટીએ મને ઓળખ આપી છે અને આજે ફરી ભારતીય જનતા પાર્ટીમાં ઘર વાપસી કરુ છું.

# રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ બનાવાશે

ગાંધીનગર, તા.૯

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતરનો જથ્થો ઉપલબ્ધ બનાવવા રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કરીને સમયબદ્ધ આયોજન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયના ખેડૂતો માટે રાજ્ય સરકારે અનેકવિધ ખેડૂત હિતલક્ષી નિર્ણયો કર્યાં છે. એટલું જ નહીં,આંતરરાષ્ટ્રીય બજારમાં ખાતરના કાચા માલમાં વધારો થવા છતાંય ભાવ વધારોનો બોજ ખેડૂતો પર સીધો ન આવે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે સબસિડીની રકમમાં માતબર વધારો પણ કર્યો છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૨૨-૨૩માં કેન્દ્ર સરકાર ખાતરની સબસિડી માટે રૂ. ૨ લાખ કરોડ કરતાં વધુ રકમ ચૂકવશે. કૃષિ મંત્રી શ્રી પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંઘ તોમર તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાનો ખેડૂતો વતી આભાર વ્યક્ત કરતાં ઉમેર્યું કે, ગત ખરીફ ઋતુમાં રાજ્યમાં સપ્લાય થયેલ ૧૬.૫૦ લાખ મે. ટન ખાતર માટે ચૂકવવામાં આવેલ રૂ. ૨૧૮૧.૮૦ કરોડની સબસિડીની સાપેક્ષમાં અઢી ગણી વધારે સબસિડીનો લાભ ખેડૂતોને મળશે.



# પ્રૂડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે

અમદાવાદ, તા. ૯

પ્રૂડન્ટ કોર્પોરેટ એડવાઈઝરી સર્વિસીસ લિમિટેડ (''કંપની'')નો આઈપીઓ (''ઓફર'') ૧૦ મે, ૨૦૨૨ના રોજ ખુલશે. એક્કર રોકાણકારો માટે બિડ/ઓફર આઈપીઓ ખુલવાની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૦૯ મે, ૨૦૨૨ના રોજ ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ ૫૯૫થી રૂ૬૩૦ નક્કી થઈ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ૫ છે. ઓફરમાં એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન (નીચે પરિભાષિત કરેલ છે)માં લાયકાત ધરાવતા કર્મચારીઓના બિડિંગ માટે ઓફર પ્રાઈસ પર એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૯નું ડિસ્કાઉન્ટ સામેલ છે. બિડ લઘુતમ ૨૩ ઈક્વિટી શેર માટે અને પછી ૨૩ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે.

ઓફરમાં રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતા ૮,૫૪૯,૩૪૦ ઈક્વિટી શેર સામેલ છે, જેમાં વેગ્નેર લિમિટેડ દ્વારા ૮,૨૮૧,૩૪૦ ઈક્વિટી શેર અને શિરિષ પટેલ દ્વારા ૨,૬૮,૦૦૦ ઈક્વિટી શેર સામેલ છે (''વિક્રેતા શેરધારકો'' અને આ પ્રકારની ઓફર ''વેચાણ માટેની ઓફર'' કહેવાય છે).

આ ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (''એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન'') દ્વારા સબસ્ક્રિપ્શન માટે રૂ. ૬૫.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે.

આ ઓફર સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશ) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી)ની શરતોમાં, SEBI ICDR રેગ્યુલેશન્સ (SCRR)ના નિયમન ૩૧ સાથે વાંચીને કરવામાં આવી છે. આ ઓફર બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા ૫૯૨૮૧૧૮૦ રેગ્યુલેશન્સના નિયમન ૬(૧) સાથે સુસંગત રીતે કરવામાં આવી છે, જેમાં નેટ ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs") ("QIB" કેટેગરી'')ને સપ્રમાણ આધારે ફાળવણી માટે ઉપલબ્ધ કરવામાં આવશે.

## અંધાધૂંધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાઠી ચાર્જ કરી રહી છે અને તેનાથી લોકોમાં રોષ પણ છે. કેદરાનાથના દ્વાર ખુલ્યા ત્યારે વીઆઈપી ગેટ પર યાત્રિકો સાથે પોલીસે કરેલી ધક્કામુક્કીથી ઘણા દર્શન વગર પાછા ફર્યા હતા. સાધુઓને પણ ધક્કા મારવામાં આવ્યા હતા અ્ને એ પછી પોલીસે માફી માંગી હતી.

દરિયાઈ સપાટીથી ૧૦૦૦૦ થી ૧૨૦૦૦ ફૂટ ઉંચાઈએ યાત્રાધામ આવેલા હોવાથી ભાવિકોના હાર્ટ એટેકથી મોતના કેસ વધી રહ્યા છે. આમ છતા હેલ્થ ફિટનેસ સર્ટિફિકેટ ફરજિયાત કરાયા નથી.

ભાવિકોના હેલ્થ ચેક અપ માટની વ્યવસ્થા પૂરી નથી. ઉત્તર કાશીના મેડિકલ ઓફિસરનુ કહેવુ છે કે, ભાવિકોની સંખ્યા પર પણ રોક લગાવાઈ નથી. જેના કારણે ચેક પોસ્ટ પર મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. ચેક અપ પણ કરાવી રહ્યા નથી. લોકો પોતાની જાતની જવાબદારી લેતુ લખાણ આપી દેવા માટે તૈયાર થઈ જાય છે.

## રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

બતાવેલી. આ પહેલા પણ તેઓ કહી ચુકેલા કે, જરૂર પડે તો હું રાજીનામુ આપવા માટે તૈયાર છું.

શ્રીલંકાના સત્તાધારી જોડાણના અસંતુષ્ટ નેતા દયાસીરી જયશેખાનુ માનવું હતું કે, શક્ય છે કે મહિન્દારાજપક્ષે પોતાના ભાઈ અને રાષ્ટ્રપતિ ગોટબાયા પર રાજીનામાનો નિર્ણય છોડી દે અથવા તો જાતે જ રાજીનામુ આપી દે. આખરે તેમણે રાજીનામુ આપી દીધું છે પરંતુ આર્થિક સંકટનો ઉકેલ લાવવામાં આ રાજીનામુ કોઈ કામ નહીં લાગે.

## દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચલણનો આરોપ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે દાઉદ ઈબ્રાહિમ અને ડી-કંપનીને લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને અલ-કાયદા જેવા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે મળીને ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવા માટે દોષી ઠેરવ્યા છે. દાઉદ ઈબ્રાહિમ અને ડી-કંપની ઉપરાંત હૈંછ છોટા શકીલ, જાવેદ ચિકના, ટાઈગર મેનન, ઈકબાલ મિર્ચી (મૃતક), દાઉદની બહેન હસીના પારકર (મૃત) સાથે સંબંધિત કેસોની પણ તપાસ કરશે.

## સંચાલન ખોરવાયું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરે સેકટરે બસ માટે વલખા મારતા નજરે પડે છે. અગાઉ સે-૨૮ અને અક્ષરધામના રૂટમાં દોડતી બસ સેવા પણ ખોરવાઈ ગઈ છે. આ રૂટમાં પણ બસ મળતી નથી હાલ અક્ષરધામમાં આવતા દર્શાનાર્થીઓની પણ ભીડ જોવા મળે છે પરંતુ આ ઠેકાણેથી પણ અમદાવાદ જવા માટે બસસેવા મળતી નથી. જયારે સેકટરોમાં પણ બસ સ્ટેન્ડ પર બસો સ્ટોપ થતી નથી અલબત્ત સેકટરોમાં અગાઉ દોડતી બસ સેવાના રૂટ જ ખોરવાઈ ગયા છે. જેના લીધે હાલ ગ્રામ્ય વિસ્તારના ડેપોમાં પણ ભીડ જોવા મળી રહી છે. બહારગામની બસ સેવાનો પણ અમદાવાદ તરફ જવા માટે વિશેષ ઉપયોગ થાય છે. હાલ વેકેશનના સમયગાળાને ધ્યાનમાં રાખીને સાંજના સમયે શહેરી બસ સેવાના રૂટો વધારવા માટે પણ આયોજન કરવાની અનિવાર્યતા છે. સાંજે પોઈન્ટની બસ સેવામાં દોડતી સલામત સવારીના અંતે નગરજનોને અમદાવાદ રૂટ માટે બસ મળતી નથી જયારે અમદાવાદથી મોડી સાંજના અંતે પણ ગાંધીનગર તરફ અવરજવર કરવા માટે કલાકો સુધી બસ સ્ટેન્ડ પર અપડાઉનકર્તાઓએ બસની વાટ જોવી પડે છે. ગાંધીનગરમાં બસોના રૂટોનુ સંચાલન યોગ્ય કરવા લાંબા સમયથી માંગ થઈ રહી છે. ગાંધીનગરની આસપાસના ગામોમાં પણ બસ સેવાનો ભારોભાર અભાવ વર્તાય છે જેના લીધે આસપાસના ગ્રામજનો ખાનગી વાહનો આધારિત છે.

## રોજી છીનવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચેકથી પેમેન્ટ આપવામાં આવે છે. જેના લીધે મોડુ પેમેન્ટ થવાના લીધે કામદારોને પણ સમયસર પૈસા આપી શકાતા નથી. આવા સંજોગોમાં વર્ષના અંતે પણ કોન્ટ્રાકટરોએ મુશ્કેલનીનો સામનો કરવો પડે છે. મોટાભાગના સમારકામમાં ઈલેક્ટ્રીક કામ માટે એમ ઓ યુ મંગાવામાં આવે છે જે વર્ક ઓર્ડર આપ્યા બાદ મંગાવાય તો પણ આર્થિક ભારણ ઘટે તેમ છે. તેમ પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે. કોરોના કાળમાં આમ પણ નાના મોટા કામ કરતા સરકારી કોન્ટ્રાકટરોની હાલત કફોડી બની છે જયારે થોડા સમય અગાઉ બાંધકામ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થતા નાના ઈજારેદારોની મુંઝવણ વધી છે. આવા સંજોગોમાં આત્મ નિર્ભર ભારતના અભિગમને મજબુત બનાવાની વાતો વચ્ચે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી નાના કામોને એકમાં જ સામેલ કરી મોટુ પેકેજ બનાવી કામ સોંપી દેવાતા નાના કામોના આધારે પોતાને તેમજ કામદારોને રોજગારી પુરી પાડતા ૧૫૦ જેટલા નાના ઈજારેદારો માટે મોટી મુંઝવણ ઉભી થઈ છે.